સાલ : ૧૯ / સિલસિલાવાર નંબર : ૧૬૮ / શુમારો : ૬ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ કુલ પાના - ૧૬

# مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. ઝુલ કાઅદતિલ હરામ-ઝુલ હિજ્જતિલ હરામ ૧૪૪૩ / જૂન-જૂલાઇ ૨૦૨૨

## આમ હાલત શું કામ ?

પાઁચમા ફાતેમી ઈમામ મૌ. જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી આ બયાન નકલ કરવામાં આવું છે કે, એક દિન આપે આપના ચંદ શીઆઓને સવાલ કીધો કે, લોગોના દરમિયાન તમામ ફિરકાઓ કરતા બદતર-ખરાબ હાલતવાલા કયા લોગો છે ? તમામ એકબીજાના ચહેરા જોવા લાગા. તેમાંથી બાઝ શીઆએ અરઝ કીધી કે, “હમેં આપના ઉપર હઝારો જાનથી કુરબાન થઈએ, હમારા કરતા કૌન ઝિયાદહ બદતર હશે ! કેમકે, હમેં હમારી ઝાતને જોઈએ છીએ કે, હમેં શરીઅત પર બરાબર અમલ કરતા નથી અને આપ મૌલાની હિદાયત મુજબ ચાલતા નથી. હમેં હમારી હાલત ઉપર ખૂબ શરમિંદા છે અને હમેં જોઈએ છીએ કે, **હમારી જ હાલત તમામ કરતા બદતર છે.**”

આપ મૌલાએ ફરમાવું કે, “અય મારા શીઆ ! ખુદા અને તેના અદલો કિસ્તના કસમ ! તમેં ઝરા પણ ગમગીન ના થાવ. તમારા સઘલામાંથી બે શખ્સ પણ જહન્નમમાં નહીં જાય. અરે ! ખુદાની રહમતના કસમ ! એકને પણ જહન્નમની આગ નહીં અડકે.” કુરઆને કરીમમાં બયાન એમ આવેલું છે કે, અઝાબે જહન્નમમાં ગિરફતાર જહન્નમીઓ જહન્નમમાં કહેશે કે, હમને શું થઇ ગયું છે કે, હમેં યહાઁ તે મરદોને નથી જોતા કે, જેને હમેં દુનિયામાં શરીર-જૂઠા-ખરાબ સમઝતા હતા ? એ તમામ કહાઁ છે કે, જેની હમેં મસ્ખરી કરતા હતા અને તેઓની પસ્તી-બેઈઝઝતી કરવાના બહાના ઢુંઢતા હતા ! હમારા કરતા વધારે ઝલીલ તેઓને હમેં સમઝતા હતા. હમેં આ તરહ જહન્નમમાં પડેલા છીએ તો હમારા કરતા તો તેઓનો બુરો હાલ યહાઁ થાવો જોઈતો હતો. **મગર, યહાઁ હમેં તેઓને જાતા નથી !**

આપ મૌલાએ ફરમાવું કે, “ઉપર ઝિક્ર કરવામાં આવેલું બયાન એ છે કે, જહન્નમમાં તમારી તલાશ થાશે અને આ તે લોગો કરશે કે, જે ખરાબ ઝહેનીયતવાલા હતા, પરહેઝગારીના લિબાસમાં બુરાઈ પર સવાર હતા, તેઓ તમને ઘણા ખરાબ સમઝતા હતા. દુનિયાવાલાને એમ જતાવતા હતા કે, તેઓ તમારાથી અલગ છે, બહેતર છે, તમારા કરતા વધીને પરહેઝગાર છે. પણ, આ ફક્ત એક ભ્રમ હતો. તેઓ બુરા હતા તો તેઓને હર શયમાં હર શખ્સમાં બુરાઈ દેખાતી હતી અને તમારામાં તો વધારે બુરાઇ જોતા હતા. મગર હકીકત કઈ અલગ જ હતી. **તમેં ખામોશીથી ભલાઇ કરતા હતા અને તેઓ ખામોશીથી બુરાઇ કરતા હતા.** હવે, જે વક્ત તેઓ જહન્નમમાં પટકાયા તો તેઓનો ભલા હોવાનો ભ્રમ તૂટી ગયો અને તેઓ તમને ઢુંઢવા લાગા કે, દુનિયામાં જેઓને હમેં ખરાબ કહેતા હતા તે કહાઁ ગયા !”

આપ મૌલાએ ફરમાવું કે, “અય મારા શીઆ ! અય મારા મુખ્લિસ મુમેનીન ! તમેં જાણો છો કે, આ જહાનમાં લોગોની નઝરમાં તમારી હાલત બદતર કયા સબબથી છે ?” અરઝ થઈ કે, અય રસૂલુલ્લાહના વારિસ અને વાલી ! આપ જ ફરમાવો કે, જેથી હમારા દિલોને શિફા થાય. આપે ફરમાવું કે, “તે આ વાસ્તે કે, તે હાસિદ અને મોતકબ્બિર-ઘમંડી લોગોએ ઈબ્લીસની તાઅત કીધી. ઈબ્લીસના રસ્તે ચાલા અને તમેં એ ઈબ્લીસ લઈનની નાફરમાની કીધી, તમારા નઝદીકથી એને કાઢી મુકો, અને રૂસ્વા કીધો અને એના મકરમાં તમેં ના ફસાયા. (બકીયાહ પેજ નં. ૨ પર)

**હદીયો આપવાથી દિલોના દરમિયાન કીનો-દુશમની દૂર થાય છે,**

(પેજ નં. ૧ નું બાકી)

આ રૂસ્વાઇ અને ઝિલ્લત, નાપાકી અને પછડાત ઈબ્લીસ બરદાશત ના કરી શકો. **ઍં તમારા પર લશ્કરકશી કીધી અને એના શાતિર-ફરૈબી શયતાનોને આ જહાનમાં તમારા ખિલાફ છોડી મુકા.** આ શયતાનો એવા આમ લોગોને તમારા ખિલાફ ઉશ્કેરે છે, બહેકાવે છે, તમને ઈઝા દેવા પર આમાદહ કરે છે કે, જેઓની અક્લ કાચી હોય, જેઓના અમલ નઠારા હોય, જેઓની નિય્યતો કમ્ઝોર હોય અને જેઓના દિન-રાત બદફેઅલી-બદકારીની નાપાકીમાં ગુઝરતા હોય.

અલ્લાહતઆલા મુમેનીનને ઈમાનના બાઝૂદાર બનાવે, હબ્લુલ્લાહથી વિલગનાર બનાવે અને શયતાનના કૈદ-મકરથી અમાનમાં રાખે. ઈમામે હક્કના કૌલ હર ઝમાનમાં સાચા જ હોય છે. આપે મુમેનીનના હાલાત વાસ્તે જે કલામ ફરમાવા તે આજે પણ હક્ક છે. આપના આ બયાનને સદીઓ ગુઝરી ચુકી, પણ જે વક્ત હમેં આ બયાન પઢીએ છીએ તો મહેસૂસ કરીએ છીએ કે, હમારા સાથે આજે પણ આ જ ચીઝ પૈશ આવે છે. મુમેનીનની જમાઅતના દુશ્મનો શયતાનો હર જગા મૌજૂદ છે. દાઇએ હક્ક હોય કે મુમેનીન હોય, આ શયતાનો હર વક્ત ઈઝા પહોંચાવવા વાસ્તે તૈયાર રહે છે. જૂઠ, રિયાકારી, બદમઆશી, બદકલામી અને પરહૈઝગારીનો બનાવટી લિબાસ પહેરીને હક્કના લોગો પર ફિત્ના-ફસાદના તીર વરસાવે છે. **જમાઅતની રહમતથી અલગ થઇને એક શયતાની ગિરોહ બનાવે છે અને મુમેનીનના હર હરકતો અમલની મસ્ખરી કરે છે.** ખુદને ઊંચા સમઝીને મુમેનીનને ઝિલ્લતની નઝરથી જોઇ છે.

મગર, જેમ ઈમામે હક્કે ફરમાવું કે, આ લોગોની ઝિદ્દ, તુમાખી અને તકબ્બુરી દુનિયા તક જ છે. આખેરતમાં તેઓ વાસ્તે કોઇ નસીબો નથી. જે કઇ થોડું ખૈર યહાઁ કીધું હશે તેનો બદલો તેઓને દુનિયામાં મિલી જાશે મગર કબરમાં તેઓ વાસ્તે અઝાબે વબીલ છે. તેઓનો હાલ જહન્નમમાં બુરો છે. અઝાબે ઈલાહીની આ જગા પરથી તેઓ પુકારી-પુકારીને કહેશે કે, કહાઁ છો, અય તે લોગો ! જેને હમેં દુનિયામાં બુરા સમઝતા હતા ! **હમને આવીને યહાઁથી છોડાવી જાવ. હમારી શફાઅત કરો.** પણ, તેઓની નિદા તેઓ તક જ રહેશે. કોઇ નહીં સાંભલે. અલ્લાહતઆલાની પનાહ કે, તે હમને આ તરહની ગુમ્રાહીથી બચાવે, કેમકે, મૌત પછી નો પસ્તાવો તે બદતરીનમાં બદતરીન પસ્તાવો છે. ☆

## કેટલી તરહના બંદાઓ

અઈમ્મતે તાહેરીન (અ.સ.) ફરમાવે છે કે, અલ્લાહતઆલાએ તેના અંબિયાને બીજા લોગો ઉપર એ ખાસીયત બખ્શેલી છે કે, એમની દોઆ બારગાહે ઈલાહીમાં મકબૂલ છે. દોઆ રદ થાતી નથી. લેહાઝા, મુમેનીન દોઆની મકબૂલીયત વાસ્તે એમનો વસીલો લે છે. આ અંબિયાએ એમની ઉમ્મતના લોગોને એ નસીહત અને સબક આપો કે, હર વક્ત દોઆ કરા કરે અને બલાઓ આફતથી મહેફૂઝ રહે.

અલ્લાહતઅલાએ જે વક્ત મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહને મલકૂતની સૈર કરાવી, આસ્માનો ઝમીનના તમામ નઝારાત બતાવા, તે વક્ત આપે ઝમીન પર એક મરદે બદકારને ઝિના કરતા જોયો. એના ઉપર આપ ઘણા જ ગઝબનાક થયા અને બદ્દોઆ કીધી કે, **" અય પરવરદિગાર ! તું આ ઝાની શખ્સનો બુરો હશર કર. "** દોઆ કુબૂલ થઈ અને એ શખ્સે બદ તે જ વક્ત મરી ગયો. આ તરહ ત્રણ વાકેઆત બના અને આપે એ ત્રણે વાસ્તે બદ્દોઆ કીધી અને નતીજતન તમામનો બુરો હાલ થયો.

અલ્લાહતઆલાએ વહ્ય કીધી કે, અય મારા ખલીલ ઈબ્રાહીમ ! **આપની દોઆ મારી બારગાહમાં મુસ્તજાબ છે.**

(બકીયાહ પેજ નં. ૫ પર)

**બીજાની તાઅઝીમ કરવાથી ખુદની ઈઝ્ઝતમાં ઈઝાફો થાય છે.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૨૧
## અલવી અકીદાઓ - અકીદો - ૩૮

**મુકદ્દેમો - પ્રસ્તાવના :**

હમેં જોઇએ છીએ કે, ઈસ્લામના બીજા ફિરકાઓમાં તેના આલિમોએ ચંદ મખ્સૂસ કિતાબો-મકાલાત-ટોપિક્સ લખેલા છે, જેને એ લોગો એના ફિરકાના ઊસૂલ અને બુનિયાદ માને છે અને આ કિતાબો પર એનો એતેમાદ અને ભરોસો હોય છે, એના મઝહબનો તકીયો-દારો મદાર હોય છે. જે વક્ત એવા ફિરકાઓ માંથી કોઇ અકીદતમંદ એના અકીદાઓને પુખ્તગીથી યાદ કરી લે છે અને એને બરાબર ઝહેન-નશીન થઇ જાય છે, તો એની કૌમના બુઝુર્ગ અને મુઅલ્લિમ એના ફિરકાના ઊસૂલ યા બીજા અકીદાઓ એને આહિસ્તા-આહિસ્તા હિફ્ઝ કરાવે છે શીખાવી દે છે, યહાઁ તક કે, એ શખ્સ એની કૌમના ઊસૂલને મુકમ્મલ તૌર પર સમઝી લે છે.

આ ચીઝ હર ફિરકા યા હર મઝહબમાં જોવામાં આવે છે. પણ હમારા ઈસ્માઈલી-તૈયેબી ફિરકામાં આ તરીકો જોવા મિલતો નથી. હમારા નઝદીક હમારી નઝરથી કોઇ એવી કિતાબ નથી ગુઝરી જેમાં હમારા મઝહબ-દીનના તમામ અકીદાઓ મુકમ્મલ તૌર પર તફસીરથી બયાન કરવામાં આવા હોય. શુયૂખુ દાઅવતની એક કિતાબ યા તે બાદ બીજી કિતાબમાં થોડા-થોડા ઈતર-વિતર અકીદાઓ બયાન કરવામાં આવા છે, જેની વજેહથી એક મુમિન-મુખ્લિસ હમારા સાચા-સહી અકીદાઓ પર એક નઝર નાંખી પૂરી તરહથી વાકિફ નથી થઇ શકતો.

જે વક્ત હમારો કોઇ મુમિન ગૈર-જમાઅતના શખ્સ સાથે અકીદાના સિલસિલામાં ગુફતગૂ કરે છે, તો એને ઈલ્મ નથી હોતું કે, ક્યો અકીદો દાઅવતે હાદીયહના એતેબારથી દુરૂસ્ત અને સાચો છે. એ શખ્સ આ પણ માઅલૂમ નથી કરી શકતો કે, કઇ જગા પર ઈફરાત-વધારો છે, હદથી ઝિયાદહ છે અને કઇ જગા પર તફરીત છે, હદથી કમ છે. ઈસ્લામી ફિરકાઓના ઈખ્તેલાફના સબબ વક્ત ગુઝરતા અકીદાઓમાં પણ ફેરફાર આવતો ગયો. **તે નક્કી કરવું મુશ્કિલ થઇ ગયું કે, ક્યો અકીદો ઇન્સાફવાલો છે યા ક્યો અકીદો ફસાદવાલો છે.** ક્યો અકીદો હમારા અકીદા સાથે બરાબર છે અને ક્યો અકીદો હમારાથી ખિલાફ છે. ઉમ્મતે મુસ્લેમહ બેશુમાર ફિરકાઓમાં તકસીમ થયેલી છે, તેથી હર ગિરોહે જાઅલી-ફરઝી તૌર પર પોતાના લોગોને સાચવવા ચંદ મનગમતા ઊસૂલ-અકીદા મુરત્તબ કરી લીધા છે, જે બીજા ફિરકાના લોગોથી અલગ પડી જાય છે.

રાહે રાસ્ત-સિરાતે મુસ્તકીમથી ગુમ્રાહ થઇ જાવાવાલાની તાઅદાદ આલમમાં કમ નથી. મુખ્તલિફ ફિરકાઓમાં વહેંચાયેલા આ લોગો-લાખોની ગિન્તીમાં છે. તેઓના આલિમોએ જ્યાં જ્યાં તેઓના લોગો ફેલાયેલા છે, તે જગાની ઝબાનમાં તેઓના અકીદાની કિતાબો લખેલી છે અને આ તરહ લોગોમાં તેઓના ફિરકાની અહેમીયત કાઈમ રાખેલી છે. તો, **" અય દાઇએ હક્ક ! આવા ઝમાનમાં અને આવા હાલાતમાં હમેં અહલે હક્ક અને અહલે યકીન શું કરીએ ?** મુમેનીન કોના તરફ રૂજૂઅ થાય ? અકીદાઓની સમઝ હમેં ક્યાંથી લઇએ ? કઇ કિતાબથી ફાયદો લઇને હમારી ઈલ્મી તિશ્નગીને બુઝાવીએ ?"

અય મારા શફીક-રહીમ ભાઇ ! મૌજૂદહ ઝમાન અને હાઝિર વક્તના લેહાઝથી તમારો એતેરાઝ બિલકુલ સહી અને દુરૂસ્ત છે. પણ તમને એ ઝરૂર માઅલૂમ હોવું જોઇએ કે, તમેં જે ઝમાનની કૈફીયતની બયાની કરો છો, તેના હાલાત પહેલાથી એવા ન્હોતા. હમારા દોઆતે ઝુહૂરે કે, જેઓ **ઇમામે હક્કની હાઝિરીમાં ખિદમત કરતા હતા,** મશાઇખોએ, ઓલમાએ ઈમામે હક્કને માનનાર અને આપની દાઅવત ને કુબૂલ કરી આપને મીસાક આપનાર, (બકીયાહ પેજ નં. ૪૫૨)

**લિખવાથી અને ખયાલાતને કાગઝ પર દરજ કરવાથી દિમાગી તનાવ દૂર થાય છે,**

(પેજ નં. ૩ નું બાકી)

એક મુમિન મુખ્લિસ વાસ્તે અહલુલ બૈત (અ.સ.) ના અકીદાઓની તાઅલીમ-તરબીયતના બે તરીકા મુકર્રર કીધેલા છે. (૧) પહેલો તરીકો એ છે કે, જે વક્ત કોઇ શખ્સ ઈમાનો વલાયત પર રહી ઈમામે હક્કની દાઅવતમાં દાખિલ થાવાનો ઈરાદો કરે છે, તો એનાથી બયઅત લેવામાં આવે છે. આ મીસાકો બયઅત લેતી વક્ત જ એ તાલિબે ઈલ્મને હમારા ઊસૂલ-અકીદાઓની મુખ્તસર સમઝ આપવામાં આવે છે. ઈમાનની ડગર શું છે અને અસલી ઈસ્લામ કયું છે તેની હકીકતો બતાવવામાં આવે છે. **આ એક દિનનું કામ નથી** પણ જેમ જેમ મુમિન સાહેબે દાઅવત સાથે વાબિસ્તગી રાખે છે, તેમ તેમ એ અકીદાઓને શીખતો જાય છે. (૨) બીજો તરીકો એ છે કે, મીસાક આપા બાદ મુમિન સાહેબે દાઅવતની મુલાકાતોમાં આવતો રહે છે. કિતાબોના હવાલાઓથી એને અકીદાઓની ગહેરાઇ બતાવવામાં આવે છે. મજલિસો અને બયાનાત સાંભલીને એના અકીદા ઔર મઝબૂત થાય છે. અલ્લાહ અને તેના રસૂલ બાદ ઉલુલ અમ્રની તાઅત શું છે, તેની તાકીદ કરવામાં આવે છે. હલાલ-હરામ, માઅરૂફ-મુન્કર, ફરઝ-સુન્નત, નૈક-બદ, ખૈર-શર, આ તમામની માઅલૂમાત એને હોય છે, જેથી એ અકીદાની તેહ તક પહોંચી શકે.

**અકીદો - ૩૮ : અલ્લાહતઆલાના હુજ્જત-નુમાઇંદાથી ઝમીન ખાલી હોતી નથી.**

ઝમીન અલ્લાહતઆલાના હુજ્જત-નસ-બ-નસ કાઈમ થાનાર ઈમામથી ખાલી નથી રહી શકતી. હમારો આ અકીદો છે કે, ઈમામે હક્કના વુજૂદ બગૈર ઝમીનનો વુજૂદ નામુમ્કિન છે. કેમકે, આ ઝમીનમાં નબી યા વસી યા ઈમામનું હોવું ઘણું ઝરૂરી છે કે, જે મુખ્તલિફ દીની સવાલો-મસ્અલહને હલ કરે. ઈમામતના ઊમૂરને બરાબર ચલાવવા વાસ્તે હુદૂદને કાઈમ કરે અને શરીઅતના અરકાનો રૂસૂમાતની હિફાઝત કરે. તેમાં થાનાર ફસાદ-ફિત્નાથી શરીઅતના અહકામને સાચવે અને તેના પર ચાલનાર મુમેનીનના આઅમાલ ને કુબૂલ કરે. તેઓના તમામ કામોં પર નઝર રાખે અને કોઇ અમરમાં રૂકાવટ આવે તો તેના વાસ્તે બહેતર રસ્તો કરી આપે. તાલિબે ઈલ્મ યા તાલિબે રિઝક પર કોઇ મુશ્કેલાત પૈશ આવે તો એના વાસ્તે હુજ્જતો-બુરહાન કાઈમ કરીને, અસ્બાબ બનાવીને, ઝરીઆ ઢુંઢીને, હિદાયત દઈને **ઇલ્મો રિઝકની રાહને હમ્વાર કરે.** તમામ ભારી ઉલઝનોને શરીઅતના દાએરામાં રહીને હલ કરવાની તદબીર કરે.

અલ્લાહતઆલાએ નબીઓને આ જહાનમાં મોકલા, તો તેઓને કોઈ એક ખાસ ઝમાનના લોગો વાસ્તે જ મહેદૂદ ના કીધા કે, જે વક્ત નબી ગુઝરી જાય તો એના બાદ આવનાર લોગો એમના ફાયદાથી મહેરૂમ રહી જાય ! મગર ઈલાહી કાનૂનમાં આ તરહનું નથી, હરએક ઝમાનમાં હિદાયતનો સરંજામ કરવામાં આવે છે. નબીના ઈન્તેકાલ બાદ ઉમ્મતનું મરકઝ ઈમામની શખ્સીયત હોય છે કે, જેના સિલસિલાનું બાકી રહેવું જહાનમાં વાજિબ હોય છે, હમેશા હોય છે. જેનો હસબ-નસબ આઅલા, પાકીઝા અને મહેફૂઝ હોય છે. જેની વિલાદત માઅરૂફ-બાસઆદત હોય છે અને **જેના બાવાજીઓ દીનના તાબેઅદાર-કુરઆનના મુહાફિઝ હોય છે.** ઈમામો અને એમના બાવાજીઓ કોઈ વક્ત કૌલો કલામથી પલટતા નથી. તેમજ કોઈ બીજાને શરીઅતના અમરમાં દખલઅંદાઝી કરવા દેતા નથી.

ફિતરતના ઊસૂલ અને કઝાએ ઈલાહીના નિઝામ મુતાબિક કોઈ પણ નબી હમેશા ઝિંદા રહેતા નથી પણ એમની શરીઅત-હિદાયત બાકી રહે છે. લેહાઝા, આ તમામની બરકરારી અને હિફાઝત વાસ્તે એક સાહેબે સિદકો સફા, ઈખ્લાસો વફાની ઝરૂરત પૈશ આવે છે કે, જે નબી બાદ એમના નક્શે કદમ પર ચાલે અને રાહે હક્ક પર તાબેઈન-લોગોને સાચવે. આ મુહાફિઝની જ હર ઝમાનમાં ઉમ્મતના લોગો તાબેઅદારી કરે છે, એમની **હિકમત-તાઅલીમ-હિદાયત** તરફ રગબત રાખે છે અને કસ્દ કરે છે, જે સાહેબને ઈમામ કહેવાય છે.

(બકીયાહ પેજ નં. ૫ પર)

**ચાલવાની આદત રાખવાથી બીમારીઓ દૂર થાય છે.**

(પેજ નં. ૪ નું બાકી)

ઝાહિરમાં શરીઅત લાવનાર નબી કે જે એના બાદ આવનાર ઈમામોને તૈયાર કરે છે, તે એ તરહથી કે ઈમામો બાતિનમાં નબી તરફ દાઅવત કરે અને ઈલ્મના તલબગારોને ઈલ્મ બખ્શે. આ તરહ ઈમામ, ઈલ્મના ઝખીરા હોય છે કે જે ઈમાનદારોને ગુમ્રાહીની હૈરાનીમાંથી નજાતના રસ્તે લગાવે છે. જેના વાસ્તે કુરઆને કરીમમાં ઈરશાદે ઈલાહી છે કે, **"ઇન્નમા અન્તા મુન્ઝિરૂન વલે કુલ્લે કૌમિન હાદિન"**, યાઅની, હર ઝમાના વાસ્તે, હર કૌમ વાસ્તે એક હાદી હોય છે અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) લોગોને તેઓના શર આઅમાલના અઝાબથી ડરાવનાર છે. આ તરહ અલ્લાહતઆલા નબી સાહેબને આપના ઝમાનાના લોગોના આઅમાલ પર ગવાહ બનાવી દીધા. **આપ જ કુરઆનના હાફિઝ અને મુહાફિઝ છે.** આપના બાદ આ ઝિમ્મેદારી આપની આલના ઈમામોએ નિભાવી અને આજે ઈમામુઝ્ઝમાન (અ.સ.) અદા ફરમાવી રહ્યા છે.

બીજી આયતમાં ઈરશાદે રબ્બાની છે કે, **"ઇન્ના નાહનો નઝ્ઝલનઝ ઝિકરા વઇન્ના લહૂ લહાફેઝૂન"**, યાઅની, હમેં ઝિક્રને નાઝિલ ફરમાવી છે અને હમેં જ તેની હિફાઝત કરનાર છે, આ ઝિક્રના સાહેબ ઈમામુઝ્ઝમાન (અ.સ.) છે અને હર વક્ત આપનું હોવું વાજિબ છે અને અલ્લાહતઆલા આપની હિફાઝતના ઝામિન છે. જેમ અલ્લાહતઆલાનું હોવું કાઈમી-દાઈમી લાફાની છે, તેમ ઈમામનો દરજો પણ કાઈમી-દાઈમી લાફાની છે. બીજી એક આયતમાં ઈરશાદે હક્કતઆલા છે કે, **"ફસ્અલૂ અહલઝ્ઝિકરે ઇન કુન્તુમ લા તાઅલમૂન"** યાઅની, યહાઁ પર અહલુઝ્ઝિક્ર થી લોગોને ઈમામે હક્ક તરફ ઈશારો કરવામાં આવે છે. જો તમેં કોઇ ચીઝ બાબત ઈલ્મ ના રાખતા હોવ તો તમારા દરમિયાન ઈમામ હાઝિર છે, જે ઝિક્રના સાહેબ છે, એને તમેં પૂછી લો. અલ્લાહતઆલાએ ઈમામોને રિબ્બીયૂનના નામથી ખિતાબ ફરમાવો છે, કેમકે, આ તમામ સાહેબોએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝરીએ તે તમામ ઈલ્મને હાસિલ કીધું કે, જેથી ઉમ્મતના લોગો ને તેની દુનિયા -મઆદમાં ફાયદો પહોંચે.

આ અઈમ્મતે હક્ક, હર તરહનો નફો આપનારી નુબૂવતની અમાનત-થાપણ એમના દૌરના લોગો તરફ પૂરી હિફાઝત અને ઝિમ્મેદારીથી પહોંચાવે છે. ઝુહૂરનો ઝમાનો હોય કે ફતરતનો યા સતરનો, હર હાલમાં ઝમીન પર અલ્લાહના હુજ્જત કાઈમ હોય છે કે, **જે ઇલ્મે દીન અને હકીકતે તૌહીદના શરફથી લોગોને ફૈઝયાબ કરે છે.** જૂઠા અને ગુમ્રાહ આલિમોની બનાવટી વાતો અને હદથી વધી જાનાર બાગીઓની તાવીલથી બચાવે છે. ઈમામે હક્ક માઅસૂમ હોય છે અને એ પોતાની ઝાતથી નહીં પણ ઈલ્હામે ખુદાવંદીથી કલામ કરે છે. એ કુરઆનના કલામથી લોગોને સમઝાવે છે કેમકે, ઝમાનામાં ઈમામ જ કુરઆનના કરીન અને જોડીદાર હોય છે. ✫

---

(પેજ નં. ૨ નું બાકી)

આપ થોડો સબર રાખો ! હર બંદો કોઇના કોઇ ગુનાહ તો કરશે જ. આપ તે વાસ્તે બદ્દોઆ ના કરા કરો. આપ યાદ રાખો કે, મારા બંદાઓ ત્રણ તરહ-કિસ્મના છે :

(૧) તે બંદા કે જે ખાલિસ દિલથી, જાનો માલથી જેહાદ કરીને ફક્ત મારી જ ઈબાદત કરે છે અને હું એને એના મુખ્લેસાના તૌર-તરીકાના સબબ સવાબો અજર આપું છું.

(૨) તે બંદા કે જે મને છોડીને મારા સિવાય બીજાની ઈબાદત કરે છે કે, જે બનાવટી ખુદાઓ મારી મખ્લૂકમાંથી જ છે. એની આ બેમાઅના ઈબાદત મને મારા ખાલિક હોવાથી મિટાવી શકતી નથી.

(૩) તે બંદા કે જે મારા સિવાય બીજા ખુદાઓની ઈબાદત કરે છે અને એની હાજિતો પૂરી થાય, તે વાસ્તે ખુદાઓની શિક્લોને નઝદીક તરહ-તરહના અમલો કરે છે, મગર મને ઈલ્મ છે કે, એની પીઠ-પુશ્તમાંથી એવા લોગો પૈદા થાશે કે, જે ફક્ત ને ફક્ત મારી જ ઈબાદત કરશે. કાફિરની નસલમાંથી હું મુમિનને પૈદા કરીશ. ✫

**નાશ્તો કરવાથી કમઅક્લી દૂર થાય છે.**

## હુનૈદી, હિન્દુસ્તાની યા હિન્દુ : કિસ્ત -૨

મૌ.આદમ સફીયુલ્લાહ બાદ મુખ્તલિફ નબીઓના અલગ-અલગ દૌરમાં હુનૈદિસ્તાનમાં ઈસ્લામ પર ચાલનાર લોગો મૌજૂદ હતા, જેઓ બુતપરસ્તી - મૂર્તિપૂજા ન્હોતા કરતા મગર ખુદાની વહેદાનીયત પર ઈકરાર કરતા હતા. મૌ.આદમથી લઈને ખત્મુલ મુરસલીન રસૂલુલ્લાહ બાવાજી તક તમામ અંબિયાએ પોત-પોતાના ઝમાનમાં આ હમારી ઈસ્લામી ઝમીન તરફ દોઆત મોકલેલા છે. ખૂબ મહેનત - મશક્કત કરીને પૈગામે દીને ઈસ્લામ નશર કીધેલો છે. દોઆત, યા તો ઝમીની સફર કરીને યા જહાઝમાં દરીયાઈ રસ્તાથી કારે દાઅવતની ઝિમ્મેદારી લઈને પધારેલા છે. આ હમારૂં દીને બાકમાલ, મૌ.આદમથી શુરૂ થયું અને રસૂલુલ્લાહ બાવાજી પર ગદીરે ખુમ્મમાં આપની જગા પર મૌ.અલીયુલ મુરતઝાને કાઈમ કરીને, તે કમાલીયત પર પહોંચું. આ હમારા જિસ્માની આલમ પહેલા રૂહાની-નૂરાની આલમમાં પણ ફરિશ્તાઓ અને જિન્નાત **આ જ દીને હક્કના પાબંદ રહેલા છે અને હક્કતઆલાની પૂરેપૂરી કુલ્લી તૌરથી ઇતાઅત અને તાબેઅદારી કીધેલી છે.** આ ફિત્નાવાલી-ફસાદદાર દુનિયા ભલે રહે ના રહે, પણ દીને ઈસ્લામ કોઈ હાલતમાં મિટવાનું નથી.

હિજરત પહેલા ઈ.સ. ૬૧૦-૬૨૨ દરમિયાન મક્કએ મુઅઝ્ઝમહમાં જે વક્ત રસૂલુલ્લાહ બાવાજી અહલે મક્કામાં દીને હક્કના અહકામને પહોંચાવી અરકાને મઝહબને મઝબૂત કરી રહ્યા હતા તે દૌરાન મક્કામાં મુખ્તસર તાઅદાદમાં મુસ્લેમીન હતા. મગર આપ આપના દોઆતને હુનૈદિસ્તાન-હિન્દુસ્તાનની ઝમીનમાં હક્કની દાઅવતનો પૈગામ લઈને મોકલી ચુકા હતા. આ હકીકત છે કે, જ્યારે આપે હર જઝીરા-ઝમીની ઈલાકાઓમાં અને મુખ્તલિફ મુલ્કોમાં, જેમકે, આફ્રીકા, રૂમ, ફારિસ, યમન, ચીન, વગૈરહ દોઆતોને પૈગામે હક્ક લઈને મોકલા હોય, **તો પછી સિંધ-હિંદનો આટલો મોટો વસીઅ ઇલાકો હિદાયતના પાકીઝા વરસાદથી કેમ ખાલી, કોરો અને મહેરૂમ રહ્યો હોય !** આ ઝમીનથી તો મૌ.આદમ થી લઈને આપ નબી સાહેબના ઝમાન તક તમામ અંબિયાની બરકતો-તહારતો-ફૈઝ વાબિસ્તા છે. દીને હક્કનું નૂર અને તેની ખુશ્બૂ આ ઝમીને હિંદના હર ઝર્રાતમાં મૌજૂદ છે.

આપ નબી સાહેબે હિજરત ફરમાવી તે પહેલા, યાઅની આપ મક્કામાં મુકીમ હતા, તે વક્ત દીને હક્કનો કિબ્લો બૈતુલ મુકદ્દસ હતો. હિજરત બાદ બીજે સાલ આ કિબ્લો તબ્દીલ થઈને કાઅબતુલ્લાહ થયો. આપના દોઆત તિજારતી કાફલાઓ સાથે વેપાર કરવાના ઈરાદાથી હિન્દુસ્તાનની સરઝમીનમાં મગરિબી દરીયાઈ કિનારા પર અવર-જવર કરવા લાગા. **તેથી અરબ વેપારઓએ વક્ત ગુઝરતા ગુજરાત અને કેરાલાના દરીયાઇ કીનારાઓ પર ઘણી મસ્જિદો તાઅમીર કીધી.** જેમ જેમ આ કાફલાવાલાઓનું લંબા અરસા તક હિન્દુસ્તાનમાં ઠહેરવાનું થયું, તેમ તેમ ઝરૂરત મુજબ તેઓ મસ્જિદો બાંધતા રહ્યા. હિજરત પહેલાની મસ્જિદો નો કિબ્લો બૈતુલ મુકદ્દસ રહ્યો. આ હકીકતની શાહેદી હિન્દુસ્તાનની બે કદીમ મસ્જિદ આપે છે, એક બારબાડા મસ્જિદ, ઘોઘા બંદર, ગુજરાતમાં અને બીજી ચેરામન જુમા મસ્જિદ, કોદુંગલ્લૂર, કેરાલામાં. હિજરતે નબવી બાદ દોઆતનો સિંધ-હિંદ તરફ આવવાનો સિલસિલો જારી રહ્યો. તેથી જે મસ્જિદોમાં બૈતુલ મુકદ્દસ તરફ કિબ્લો હતો તેને રદ કરીને મક્કા તરફ કાઅબતુલ્લાહને રૂખ કરતો નવો કિબ્લો તાઅમીર કરવામાં આવો. **આજે પણ ગુજરાત-કેરાલાના દરીયા કિનારે ૧૪ સદી જૂની તાઅમીરશુદા મસ્જિદો મૌજૂદ છે,** જેમાં બેવે કિબ્લાના ઢાંચાની નિશાનીઓ જોવા મિલે છે. આ હમને યાદ અપાવે છે કે, અરબી-હિંદી વેપારીઓની અવર-જવરથી હિન્દુસ્તાનની ઝમીનમાં રસૂલુલ્લાહ બાવાજીના ઝમાનએ મયમૂનથી જ દીને ઈસ્લામની મઝબૂત બુનિયાદ નંખાઈ અને દૂરો દરાઝ ઈલાકાઓમાં હમારૂં દીન ફેલાયું.

(બકીયાહ પેજ નં. ૭૫૨)

**કોશિશ કરવાથી નાકામીનો ખૌફ દૂર થાય છે,**

(પેજ નં. ૬ નું બાકી)

દીને ઈસ્લામ જહાનના લોગોને વહેદાનીયત, પાકીઝગી, ઈન્સાનીયત, નેક અખ્લાક અને ઈખ્લાસો મોહબ્બતના રસ્તા તરફ લઈ જાય છે. અંબિયા અને રસૂલુલ્લાહ બાવાજીના દોઆત આ કૈફીયતના દીનની તબ્લીગ કરતા હતા, તે વક્ત હિન્દુસ્તાનમાં એવી ઘણી કૌમો હતી કે, જેઓનો ઝિંદગી અને મૌતનો ફલસફો-અકીદાઓ, દીને ઈસ્લામની હકીકતો સાથે મેલજોલ-વાબિસ્તગી રાખતા હતા. કદીમ હિન્દુસ્તાનની આ કૌમોના આલિમો, લેખકો, સંતો અને પેશ્વાઓ તેઓની મઝહબી કિતાબોને ઝબાને સંસ્કૃત યા કદીમ હિન્દુસ્તાની ઝબાનમાં લખી ગયા હતા. આ કિતાબોમાં તૌહીદે રબ્બાનીના ઊસૂલ અને લોગોની હિદાયત વાસ્તે એક પરમ-પુરૂષ  હોવા જોઈએ, તે બાબતના અકીદાઓ મશહૂરો માઅરૂફ હતા. આ ઈલ્મી અને મઝહબી વાબિસ્તગીના સબબ ઈસ્લામી દોઆતે હિંદી મઝહબી કિતાબોનો તરજુમો અરબીમાં કીધો અને હિન્દુસ્તાની આલિમો એ અરબી ઈસ્લામી કિતાબોનો તરજુમો તેઓની મકામી ઝબાન સંસ્કૃતમાં કીધો.

આ તમામ કિતાબો ખુદાની કુદરત, મશીયત, કઝા, કદર, અમર, ઈઝન, સવાબ, અઝાબ, હશર વગૈરહ મુદ્દાઓને તૌહીદના ઢાંચા-પૈરાયામાં પૈશ કરતી હતી. દુનિયાની હકીકતો અને તેના બાદ આખેરતની હમેશાની રૂહાની-નૂરાની ઝિંદગીની હકીકતો, દુનિયામાં ઈન્સાનનું આવવું અને જાવું, બીજા મખ્લૂકાતનો ઈન્સાની ઝિંદગીમાં કિરદાર અને અંજામ, **આ તમામ ચીઝોની ઝિક્ર હમારા દીનની રોશનીમાં આ કિતાબોમાં લખવામાં આવતી હતી.** મગર ઝમાનો ગુઝરતા પાછલથી આવનાર અને જુદાગાના ફિકરો ખયાલ રાખનાર આ કૌમના રઈસોએ આ તરહના કિતાબોના મકસદો માઅનામાં પોતાના ઝાતી ફાયદા, શોહરત, દૌલત અને લોગોના દિલો દિમાગ પર કબ્ઝો જમાવવા ફિત્નો-ફસાદ પૈદા કીધો. તેઓએ ઈલ્મી ખેયાનત કરીને અસલી તાઅલીમાત પર પડદો પાડી દીધો. અજીબો ગરીબ રસ્મો રિવાજ પૈદા કરીને -ઈજાદ કરીને જેહાલત-લાઈલ્મીમાં ડૂબેલા લોગોને ગિરફતમાં લઈ લીધા. આજે જે હમેં હિન્દુસ્તાનમાં મુખ્તલિફ કૌમો-મઝહબોની હાલત-શિક્લ જોઈ રહ્યા છે તે તેના ઈબ્તેદાઈ દૌરમાં અલગ જ હતી. **દીને ઇસ્લામના રંગમાં રંગાયેલી હતી.** મગર આજે તે પોતાની અસલીયત ખોઈ બેસી છે અને કોઈ નવા જ શિક્લો ઢાંચામાં તેને લોગોમાં પૈશ કરવામાં આવી રહી છે. ☆

## ખુશ-આમદીદ... ખુશ-આમદીદ...

અખ્બારના કિતાબોમાં મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી બયાન છે કે, જે વક્ત રસૂલુલ્લાહ બાવાજીએ આખિરી હજ્જ, હિજ્જતુલ વદાઅ કીધી અને અરફાત પર જબલુર્રહમતના નીચે ઊભા રહ્યા, તે વક્ત લોગોની તરફ તવજ્જોહ કરીને ત્રણ મરતબા ફરમાવું કે, **"મરહબા ! બેવફદિલ્લાહ !** મરહબા ! ખુશ-આમદીદ છે, અય અલ્લાહની તરફ આવનાર લોગો !  યહાઁ પર જે કઇ તમારી હાજિત હશે તેને અલ્લાહ બર લાવશે. જે કઇ તમેં તલબ કરશો તેને હાસિલ કરશો. જે કઇ તમેં માંગશો તે તમને મિલશે. તમારા ઈખ્રાજાત-ખર્ચાઓ-ઈન્ફાક ફી સબીલિલ્લાહનો આઅલા બદલો આપવામાં આવશે. આ અજર-સવાબ કઇ તરહનો હશે કે, એક-એક દિરહમ કે જે તમેં તમારી દૌલતમાંથી હજ્જ વાસ્તે નિકાલો હશે, તેના સામે આખેરતમાં હઝાર-હઝાર નૈકીઓ-હસનાત તમને આપવામાં આવશે."

"અય લોગો ! શું હું તમને ખુશખબરી ના સંભલાવ ?" સઘલા પુકારી ઉઠા કે, "કેમ નહીં, અય અલ્લાહના રસૂલ !" આપે ફરમાવું કે, "જે વક્ત આ સાંજ આવે છે, આ સાઅતો દાખિલ થાય છે, આ સમા બંધાઇ છે, તો અલ્લાહતઆલા તેના ફરિશ્તાઓ સાથે આ જગા-મૌકિફ પર તમને તમામને જોઇને ફખર અને નાઝ કરે છે અને ફરમાવે છે કે, "અય મારા ફરિશ્તાઓ ! તમેં જોવ ઝમીન પર , અરફાતના મૈદાન પર, મારા ઈબાદત-ગુઝાર મરદો-બૈરાઓની

(બકીયાહ પેજ નં. ૧ ૪ ૫૨)

**ઈઝન દઈને મુમેનીનને જમાડવાથી તંગદસ્તી દૂર થાય છે.**

**દર હઝરતે સૈ.અમીરૂદ્દીન સાહેબ (આ.કુ.)**
**તારીખે ઉર્સ : ૨૦ ઝુલ હિજ્જહ ૧૪૪૩ હિ.**

દોઆતો સે ઝિંદા હે ઇમાઁ હમારા,
હે તૂફાઁ મેં સબકા યહીં એક સહારા,
પુજૂદ ઇનસે બાકી રહા હે હમારા,
હૈ તૂફાઁ મેં સબકા યહીં એક સહારા.

ઇમામુઝઝમાઁ હો યા હો ઉનકે દાઇ,
હૈં ચહેરે ખુદા કે જો રહેતેં હૈં બાકી,
પિલાએંગે જન્નત મેં કૌસર કા પાની,
પુજૂદ ઇનસે બાકી રહા હે હમારા,
હૈ તૂફાઁ મેં સબકા યહીં એક સહારા.

દોઆતો કી તુરબત હે જન્નત કી કિયારી,
કરે જો ઝિયારત ન હોગા પો નારી,
મગર આખેરત મેં બનેગા પો નૂરી,
પુજૂદ ઇનસે બાકી રહા હે હમારા,
હૈ તૂફાઁ મેં સબકા યહીં એક સહારા.

યે દુનિયા સે હોગા તું હર પલ પરેશાઁ,
નહીં હોંગે પૂરે તેરે ઇસ મેં અરમાઁ,
ફિકર આખેરત કી હો અબ તુઝકો નાદાઁ,
પુજૂદ ઇનસે બાકી રહા હે હમારા,
હૈ તૂફાઁ મેં સબકા યહીં એક સહારા.

યહાઁ અપની મરઝી સે આતે નહીં હૈં,
જહાઁ તક યે દાઇ બુલાતે નહીં હૈં,
યે દાઅપત કો આકિલ ગપાં તે નહીં હૈં,
પુજૂદ ઇનસે બાકી રહા હે હમારા,
હૈ તૂફાઁ મેં સબકા યહીં એક સહારા.

કરો સજદા અઝમત કા રૌઝે પે આકર,
કિયા થા જો સલમાઁ ને નૂરે નબી પર,
ફરિશ્તે ભી આતે હૈં ઇસ દર પે ઝુક કર,
પુજૂદ ઇનસે બાકી રહા હે હમારા,
હૈ તૂફાઁ મેં સબકા યહીં એક સહારા.

જો કહેતા હે ઝિયારત કા કરના હે બિદઅત,
મુનાફિક હે સમઝા નહી પો શરીઅત,
યે ઝિયારત કા કરના નબી કી હે સુન્નત,
પુજૂદ ઇનસે બાકી રહા હે હમારા,
હૈ તૂફાઁ મેં સબકા યહીં એક સહારા.

દોઆતો કે દુશ્મન જો બનકે રહેંગે,
ઝિયારત સે ઇનકાર કરતે રહેંગે,
જહન્નમ કે શોઅલોં મેં જલતે રહેંગે,
પુજૂદ ઇનસે બાકી રહા હે હમારા,
હૈ તૂફાઁ મેં સબકા યહીં એક સહારા.

હર એક મર્ઝ સે પાઓગે તુમ શિફા,
કરો સિદક દિલ સે અય મુમિન દોઆ,
તુફૈલે અલી મૌલા મુશ્કિલ કુશા,
પુજૂદ ઇનસે બાકી રહા હે હમારા,
હૈ તૂફાઁ મેં સબકા યહીં એક સહારા.

અમીરૂદ્દીં મૌલા થે આશિક અલી કે,
યે દાઇએ અન્પર થે રબ્બે જલી કે,
અજબ મોઅજિઝે હૈં યે હક્ક કે પલી કે,
પુજૂદ ઇનસે બાકી રહા હે હમારા,
હૈ તૂફાઁ મેં સબકા યહીં એક સહારા.

હે ખૈરાતે હાતિમ રપાઁ ઇસ જહાઁ મેં,
બજા કૌમે અલપી કા ડંકા જહાઁ મેં,
ખુદા ઇનકો બાકી રખે ઇસ જહાઁ મેં,
પુજૂદ ઇનસે બાકી રહા હે હમારા,
હૈ તૂફાઁ મેં સબકા યહીં એક સહારા.

કસીદે કે ફૂલોં કી લાયા હે ચાદર,
યે અદના હકીમ આજ આયા યહાઁ પર,
હો નઝરે કરમ ઔર નપાઝિશ હો ઉસ પર,
પુજૂદ ઇનસે બાકી રહા હે હમારા,
હૈ તૂફાઁ મેં સબકા યહીં એક સહારા. ✯

**ઝમીન પર આહિસ્તાથી કદમ મુકી ચાલવાથી તકબ્બુરી દૂર થાય છે,**

## મોઅજિઝહ અલવીયહ

અલ્લાહતઆલાના અસ્માએ હુસ્નામાંથી **"યા અલી"** અને **"યા અઝીમ"** છે. હરએક નામની તાસીર છે, કરિશ્માઈ છે અને મોઅજિઝનુમાઈ છે. અલ્લાહના આ મુબારક નામો સાથે ઔલિયાઉલ્લાહ અને દોઆતે હક્કના નામો વાબિસ્તા છે. આ નામોની બરકત હમારી ઝિંદગીમાં, હમારી ઔલાદમાં, હમારા વેપારમાં, હમારા વહેવારમાં, હમારી અદબમાં, હમારી ઝબાનમાં, હમારા લિબાસમાં, હમારા રૂસૂમાતમાં ઉતરેલી છે. હમારી જમાઅતના નામ માં પણ મૌલા અલીના નામનો જલ્વો નુમાયા છે. હમને ફખર છે કે, હમારી જમાઅતની શનાખ્ત અલીએ આઅલા અને આપના દાઈ સૈ.અલી સાહેબથી છે.

આ બેવે મૌલાના હક્કના નૂરથી આજે જહાનમાં હમારા કિતાબો, હમારી નમાઝ, હમારૂં કલ્ચર, હમારૂં રહેન-સહેન, હમારૂં જમન, હમારા ફિકરો-ખ્યાલ, હમારી સાદગી, હમારો લિબાસ, હમારો ઈલ્મી મેઅયાર, હમારો કારોબાર, હમારો સુલૂક બેમિસાલ અને બેનઝીર છે. હમારી આ તમામ ખુસૂસીયતો હમારા ૨૯માં દાઈએ મુત્લક સૈ. અલી શમ્સુદ્દીન સાહેબ (આ.કુ.) ની શહાદતની મોઅજિઝનુમાઈના સબબ છે. આજે હમેં જે હક્કની શનાખ્ત લઈને દુનિયામાં છીએ તેનાથી આપ મૌલાની ઝિક્રે શહાદત કોઈ અલગ નથી કરી શકતું. આપની હક્કાનીયતની નિશાની એ હતી કે, **બેશુમાર મુખાલિફો સામે આપે હક્ક, સબર અને શુક્રનું દામન ના છોડું** અને આજે પણ એ સૂરતે હાલ છે. થોડા છીએ પણ હક્ક પર ઠહેરેલા છીએ.

૪૧માં દાઈએ મુત્લક સૈ. જીવાભાઈ ફખરૂદ્દીન સાહેબ (આ.કુ.) ના ઝમાનએ મયમૂનમાં એક નાદિર અને યાદગાર વાકેઓ અહમદાબાદમાં બનો. આ એજાઝ શહીદે આઅઝમ સૈ.અલી સાહેબની હકકાનીયત પર દલાલત કરે છે. એક સાલ સૈ.ફખરૂદ્દીન સાહેબ આપના અસ્હાબ અને મુમેનીન સાથે મુકદ્દસ મૌલાના ઉર્સે મયમૂનની મજલિસ કરવા અહમદાબાદ પધારવા નો ઈરાદો કીધો. ભારી વરસાદના અય્યામ હતા. લોગોએ અરઝ કીધી કે, મૌલા આપ વડોદરામાં જ મજલિસે ઉર્સ મુન્અકિદ ફરમાવીએ. મગર આપનો અહમદાબાદ જાવાનો ઈરાદો મુસમ્મિમ-મઝબૂત હતો. આપ અલવી શાનાત સાથે અહમદાબાદ પધારા.

બહરે આમ-શબે ઉર્સની મજલિસ આપે સૈ.હસન બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) ના કબ્રસ્તનામાં જૂના મુસાફિરખાનાના સહેનમાં બરપા કીધી અને તમામ હાઝેરીન ઝિયારતે અલવીયહથી મુશર્રફ થયા. આપ મૌલાએ મઝારે અલવી ઉપર ખૂબ દોઆઓ ફરમાવી. તે વક્ત ખુલ્લા મઝાર હતા, કબર પર છત્રી હતી અને ઈર્દ-ગિર્દ આપના કબીલાની તે જ ઈહાતામાં ૪૦ થી ઝિયાદહ કબરો હતી. હમારા મુમેનીનની આ બીબીપુર કબ્રસ્તાનમાં બે જ જગા પર ઝિયાદહથી ઝિયાદહ કબરો હતી. એક સૈ.અલી શહીદે આઅઝમ (આ.કુ.) ના મઝારે અન્વરના આસપાસ અને સૈ.હસન બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) ના કુબ્બહ શરીફહના નઝદીક.

જે વક્ત મુમેનીન ફાતેહાના જમનથી ફારિગ થયા કે ફૌરન ઝોરદાર વરસાદ ઈબ્તેદા થયો. મુમેનીનમાં ડરનો માહૌલ પૈદા થયો. પૂરી રાત એક ધારો મુસલસિલ વરસાદ વરસો. ફજર તક તો તમામ ઈલાકો પાની-પાની થઈ ગયો. કોઈ પણ હાલતે આપે ફજરની નમાઝ ભીગી ઝમીન પર પઢાવી. મુમેનીનમાં એલાન કીધું કે, **"રૌઝહ અલવીયહમાં ઝિયારત વાસ્તે જાવાનું છે."** લોગોમાં વરસાદના પાનીનો ખૌફ હતો, તેથી કહેવા લાગા કે, રૌઝહ તક કઈ તરહ પહોંચીશું!!

જેને સૈ.અલી સાહેબની ઝિયારતની નિય્યતે પુખ્તા હતી અને યકીન હતું, તે તમામ આપ મૌલા સાથે ઝિયારત વાસ્તે પધારા. કબરે મુનવ્વર નઝદીક આપ છત્રીમાં બેસા, યાસીનની તિલાવત કરવાનું કહ્યું અને તે દૌરાન (બકીયાહ પેજ નં. ૧૦પર)

**સજદામાં દોઆ કરવાથી મિઝાજમાં ઈન્કેસારી-નરમી આવે છે.**

## અલ-વિદાઅ " અલવી "

તલબ કરતા નહીં કોઈ સિલા બરસોં કી મહેનત કા,
ન મિલ્લત સે તલબ કરતા હું બદલા અપની ખિદમત કા,
ખુલૂસે દિલ સે હર મુમિન સે તાલિબ હું મોહબ્બત કા,
હું ખ્વાહાં અપને રબ સે રૈઝો દાબ ફઝલો ઈનાયત કા,
થે ચવ્વાલીસ વેં દાઈ કે દુનિયા મેં અધૂરે હો,
યે હાતિમ કે ઝમાને મેં સભી વો કામ પૂરે હો.

૨૮ શવ્વાલુલ મુકર્રમ ૧૪૪૩ હિ. રવિવારે હદસાહેબ અહમદઅલી ભાઈસાહેબ, જે પિસરે સૈ.યૂસુફ નૂરૂદ્દીન સાહેબ (ક.રૂ.) હતા, આ ફાની દુનિયાને છોડીને બકાના આલમમાં ઈન્તેકાલ કરી ગયા. ફન્ને શાએરી અને તાઅલીમો તરબીયતના દાએરામાં રહીને માયએ નાઝ ખિદમત અંજામ આપીને પૂરી ઝિંદગી સર્ફ કરી દીધી. હિ.૧૪૨૫ માં આ કૌમી અખ્બાર મિશ્કાતુલ હાદીની ઈશાઅત-ઈબ્તેદાના પહેલા શુમારાથી મરહૂમ સાહેબનો તજરૂબો, શાએરીની ફનકારી, મઝમૂન-નિગારી, ઈલ્મી-અદબી નુસરત કાબિલે દાદ છે. એમનાં ઘણા અશ્આર, રૂબાઈયાત, મદહીયાત અને કસીદાઓ આ અખ્બારમાં શાયેઅ થઇ ચુકા છે. જે વક્ત ૧૪૩૩ હિ. માં અખ્બારનો ૧૦૦ મો શુમારો ૧૦૦ પાના પર તરતીબ આપવામાં આવો હતો, તે વક્ત એમનો તરહ-તરહના નિકાતને તશ્કીલ આપવાનો કિરદાર અહમ હતો.

આજે આ ઈલ્મી અખ્બારથી જોડાયેલા તમામ અરાકીન મરહૂમને યાદ કરે છે. એમની ખિદમાતની ઝિક્ર ખૈર કરે છે અને આકા મૌલા, સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ના વસીલહ ખાસ્સહથી બારગાહે સુબ્હાનીમાં એમના વાસ્તે દોઆએ ખુસૂસી ગુઝારે છે. અલ્લાહતઆલા એમને ઝુમ્રએ સાલેહીનમાં ગશ્ત કરનાર કરે અને એમના હરએક લફ્ઝે સિદક વાસ્તે હઝાર-હઝાર હસનતથી માલામાલ કરે. ✩

---

(પેજ નં. ૯ નું બાકી)

આપની આઁખ લાગી ગઈ. ખ્વાબમાં આપે સૈ.અલી સાહેબના દીદારે મુનીર કીધા. આપ ફરમાવે છે કે, **" અય મારા દાઇ ફખરૂદ્દીન ! તમેં વરસાદને રોકવા વાસ્તે ફલાઁ દોઆ પઢીને તમારા જમણા હાથમાં એક લાકડી લઇને આસ્માન તરફ કરો. આ અમલથી વરસાદ રૂકી જાશે અને મુમેનીન સહીહો સાલિમ મારી ઝિયારત કરીને વતન પહોંચી જાશે. "**

આપ બૈદાર થઈને જોઈ છે કે, આપ તો કબરના નઝદીક છે. વરસાદ હજી જારી છે. આપના સાથે એક બુઝુર્ગ મુમિન લાકડી લઈને ઊભેલા હતા. આપને તે જોઈને ખ્વાબની ઝલક અને ફરમાને સૈ.અલી યાદ આવું. આપે તે લાકડી તલબ કીધી અને દોઆ પઢીને આસ્માન તરફ તે લાકડીથી ઈશારો કીધો. ચંદ લમ્હાઓમાં વરસાદ રૂકી ગયો અને ચંદ અરસામાં **વાદલો ખુલ્લા થઇ ગયા, છુટા પડી ગયા અને સૂરજ નમૂદાર થયો.**

આહિસ્તા-આહિસ્તા બધું પાની ઉતરી ગયું અને તમામ રસ્તા હમ્વાર થઈ ગયા. આપ મૌલાએ, સૈ.અલી સાહેબની આ કરિશ્માઈ જોઈને અલ્લાહતઆલાનો હમ્દ ફરમાવો અને વતન જાતા પહેલા તમામ ઝાઈરીન-મુમેનીનને લઈને દોબારહ ઝિયારત કરવા મુકદસ મૌલાના મઝારે અકદસ પર પધારા. તમામે ખૂબ આહોઝારી કીધી, મૌલા મુકદસ શહીદે આઅઝમનો વસીલો લઈને શુક્રગુઝારીના સજદાત બજા લાવા. સઘલા બા-અમનો અમાન વતન તરફ પાછા રૂજૂઅ થયા. આ છે એજાઝે અલવી, તે દાઈનો કે જેના ઉપર હમારો **તકીયો છે, તવક્કુલ છે અને યકીન છે.** ✩

**બચેલું જમન કોઈ હાજિતમંદને આપવાથી ફકીરી દૂર થાય છે,**

## સલામ
## મૌ.મુસ્લિમ બિન અકીલ (રિ.અ.)

યૂઁ મુસ્લિમ રોકે કહેતે થે મેરે આકા દોઆ દેના,
મૈં સદકે હોતા હું તુમ પર મુઝે ઉસકા સિલા દેના.
ઝમાના હો ગયા દુશ્મન નહીં કોઇ મુઆવિન હે,
ગલે પર તૈગ ચલતી હે મુઝે સૂરત દિખા દેના.
મેરે દોનો પિસર ગુમ હૈં ખબર એજાઝ સે લેના,
મેરા ગમ મેરે બેટોં કે દિલોં સે તુમ ભુલા દેના.
જહાઁ હો વાઁ મુહાફિઝ ઉસકે તુમ રહેના ઇમામે હક્ક,
અગર મિલ જાએ તો પહેલૂ મેં શફકત સે બિઠા દેના.
તુમ્હારી હે સકીના જો રૂકૈયા મેરી બેટી હે,
વતન મેં હે ઝરા શફકત સે ગોદી મેં ખિલા દેના.
કરમ હો આપકા એજાઝ દિખલા દો નબી ઝાદે,
ઝમીં ઊંચી હો યસરબ કી મેરી દુખ્તર બતા દેના.
અગર સુન પાયેગી કે બાબા કૂફે મેં ગયા મારા,
યકીં હે મર હી જાયેગી મેરી ઉલ્ફત ભુલા દેના.
મેરા તુમ લીજીએ મુજરા મૈં અબ મઝબૂહ હોતા હું,
મેરી ઝૌજહ તુમ્હારી બહેના કી ઇઝ્ઝત બઢા દેના.
યે કૂફી સારે લા યૂફી યહાઁ હરગિઝ ન આના તુમ,
વતન સે નિકલે હો ગર આપ તો ઘોડા ફિરા દેના.
તુમ્હારે કત્લ કી ચર્ચા યહાઁ પર હોતી હે સાહેબ,
મુસમ્મિમ આને કા હો કસ્દ તો મૌલા મિટા દેના.
અલી કા સાથ છોડા ઔર બયઅત કો મેરી ભુલેં,
હે શૈવા કૂફીયોં કા અહદ કો દે કર ભુલા દેના.
યે ઝાલિમ કૂફીયોં, મુસ્લિમ કે સર કો કાટકર દેખો,
દિયા હુક્મ, લાશે મુસ્લિમ બામ સે નીચે ગિરા દેના.
ન ખાઓ રહેમ, લાશા લે ચલો બાઝાર મેં ખિંચકે,
ઔર સર કો રાસ્તે મેં ગેંદ કી માનિંદ લુટા દેના.
દરે કૂફે મેં લટકાઇ થી ઉલટી લાશ મુસ્લિમ કી,
અઝાદારોં તુમ ઇસ મુસ્લિમ પે અશ્કોં કો ગિરા દેના.
અજબ થે કૂફીયોં કે ઝુલ્મ, ઉસ મેં હારિસે બદ થા,
યતીમોં કા ઝરા કિસ્સા યે સુન દિલ થરથરા દેના.
ઝને હારિસ ને દેખા દોનોં યૂસુફ ચાહ કે ઉપર,
કહા ઇન માહપારોં કો હે ઘર મેં અબ છિપા દેના.
અલી ઇસ કા સિલા દેંગે, જઝા દેગી મુઝે ઝહરા,
હે યે ભી ખૈરખ્વાહી બચ્ચોં કી ખિદમત બજા દેના.
ગયે હારિસ કે ઘર મેં પહેલે સે કબ્ઝા અજલ કા થા,
ઝને હારિસ કા નૌહા થા ખુદા ઉસ કો બચા દેના.
નઝર હારિસ કો આએ દોનોં તારે અપને હી ઘર મેં,
કહા ઉસને કે નૂરે મુરતઝા કો અબ મિટા દેના.
પકડ કે બચ્ચોં કી ગરદન વો લાયા નહેર કે સાહિલ,
કહા બચ્ચોં સે લો હુલ્કૂમ ખંજર સે મિલા દેના.
ગયે સજદે મેં દોનોં કે હુએ મકતૂલ વાવૈલા,
ન કર અબ તૂલ ઝાકિર ફિર શહાદત લિખ સુના દેના. ✩

## નૂરે કિબરિયા

બસદ ખુલૂસ હર એક દિલ કા મુદ્દોઆ કહીએ,
ઇન્હેં કલીમ કી અસા કા મોઅજિઝા કહીએ.
ઇન્હીં સે મિલતા હે હમકો હકીકતોં કા પતા,
બજા હે ઇનકો ઇમામત કા આઇના કહીએ.
મુખાલેફત કી ઝુલ્મતોં મેં જગમગાતા હે,
ઇસે ચિરાગ નહીં નૂરે કિબરિયા કહીએ.
સિબાતો સબ્ર મેં હે મુસ્તફા, ખુદા કી કસમ,
અગર જલાલ મેં આએ તો મુરતઝા કહીએ.
હમારી ઉમ્ર ભી લગ જાએ ઉમ્રે દાઇ કો,
કહુંગા અહલે અકીદત સે યે દોઆ કહીએ. ✩

---

**અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, જે શખ્સને ચાર ચીઝો મીલી જાય તો એ શખ્સ ચાર ચીઝોથી મેહરૂમ નહીં રહે.**

**(૧) દોઆને સાથે એના મુસ્તજાબ થાવાથી.**
**(૨) તૌબાને સાથે એના કુબૂલ થાવાથી.**
**(૩) ઇસ્તિગફાર કરવા સાથે એની મગફેરત થાવાથી.**
**(૪) શુક્ર કરવા સાથે નેઅમતોમાં વધારો થાવાથી મેહરૂમ નહીં રહે.**

**પાકી નિય્યત કરવાથી અમલનો બિગાડ દૂર થાય છે,**

## દરસે કુરઆને કરીમ

**સૂરતુલ બકરહ :**

**આયત : ૩૯ અને ૪૦**

**આયત ૩૯ : હવે જે લોગોએ કુફ્ર કીધો, ઇન્કાર કીધો અને હમારી આયતોને, નિશાનીઓને ઠુકરાવી, એ તમામ જહન્નમના સાહેબો છે સઘલા જ જહન્નમમાં હમેશા રહેશે.**

અલ્લાહતઆલા ગફૂર છે, રહીમ છે. બંદાના ગુનાહોને મુઆફ કરનાર છે. બંદાની તૌબાને કબૂલ કરનાર છે. તેના સિવાય કોઇ નથી જે બંદાની દોઆને સાંભલે. તેના સિવાય કોઇ જ નથી જે બંદાના ઐબોને ઢાઁપે. તેનો જ આસરો બરાબર છે. તેનો જ ભરોસો સહી છે. મગર આ તે જ અલ્લાહતઆલા છે કે, જે કાફિરોને અઝાબ પણ આપે છે. તેઓને જહન્નમમાં ગિરફતારે બલા પણ કરે છે. જહન્નમમાં હમેશા વાસ્તે તેઓના બદનોને પિગલાવે છે.

નાફરમાની કરનાર, ઈબાદતને છોડનાર, તકબ્બુરી કરનાર, પોતાની ઝાતને બલંદ આંકનાર પહેલામાં પહેલો ઈબ્લીસ હતો. મૌ.આદમની નુબૂવત સામે, આપની દાઅવતે હક્ક સામે, આપના પરચમે નૂર સામે, તેં સરકશી કરીને , દાઅવો કરીને, ઝોલોમાતનો લિબાસ પહેરીને ઊભો થયો. મૌ.આદમ પર અલ્લાહતઆલાની નવાઝિશ, કરમ, ફઝલ, અઝમત, ઈઝઝત તેનાથી બરદાશ્ત ના થઈ. નુબૂવતના અઝીમ દરજાના હસદની આગમાં તે જલી ગયો. **અલ્લાહતઆલાએ તેને લાઅનતી-જહન્નમી ઝાહિર કીધો.** તેને માનનાર કાફિરોનો અંજામ પણ ઈબ્લીસના બદ-અંજામ મુજબ જ થાશે, તે તય થઈ ગયું.

**ગુનાહોંને મુઆફ કરવાનો આટલો મોટો કરમ અલ્લાહતઆલાએ મૌ.આદમ અને આપના મુમેનીન ઉપર કીધો, તે વાસ્તે ઇબ્લીસ બેબાકલો થઇ ગયો. તેં બારગાહે ઇલાહીમાં શિકાયત કીધી કે, " અય મારા રબ ! તું જેમ આદમનો રબ છે, તેમ મારો પણ રબ છે. આ મુજબનો કરમ અને અતા તુંએ આદમ અને એની આલ-ઔલાદ વાસ્તે કરી દીધી છે, તો પછી મારૂં નસીબ અને મારી રોઝી જે મારા વાસ્તે મુકર્રર કરવામાં આવી છે, તકસીમ કરવામાં આવી છે, તે હું કહાઁથી હાસિલ કરી શકીશ ? "**

ઈબ્લીસને જવાબ મિલો કે, "તું તારા આવાઝથી, ફરૈબથી, ચાલબાઝીથી, ફિત્નાખોરીથી અને ચાલાકીથી બની આદમમાંથી જેને ચાહે એને તું બહેકાવ-ફિસલાવ અને એ સઘલા ઉપર તારા લશ્કરીઓ કે જે ઘોડેસવાર હોય યા પૈદલ જંગી ટુકડીઓ હોય, બેવે તરહની ફૌજથી તું ચઢાઈ કર, હમલાઓ કર, એ સઘલાના માલ-મિલ્કતમાં અને ઔલાદમાં તું ભાગીદાર બન અને દિલફરૈબ વાઅદાઓ કર, તું તારી વાતમાં તેઓને ગિરફ્તમાં લે. મગર મારા નૈક બંદાઓ તારા મકરમાં નહીં ફસાય. મારા ખાલિસ મુમિનને તું કોઇ તરહ બહેકાવી નહીં શકે."

યહાઁ પર અલ્લાહના ખાસ બંદાઓની માઅના તેઓની છે કે, કે અલ્લાહના વાઅદાને સાચો માને છે અને તેના ખિલાફ શયતાનના વાઅદાને જૂઠો અને ગૈર-મોઅતમદ માને છે. આ ચુનંદા બંદાઓના હર અમલ સબર-શુક્ર પર મબ્ની હોય છે. **અલ્લાહતઆલા તરફથી હર ઝમાનમાં એક ઇમામ હાઝિર મૌજૂદ હોય છે.** ઈમામ આપના મુમેનીનને શયતાનના હર કૈદ-ફરૈબથી બચાવે છે અને રહેમાનો રહીમની તાઅત તરફ પલટાવે છે. ઈમામ આપના મુમેનીનને કુફ્રથી બચાવે છે અને આ જ જન્નતનો રસ્તો છે. જે શખ્સ ઈમામે હક્કની મોહબ્બતો ઉલ્ફતથી વિલગીને રહે તે જહન્નમની આગથી છુટી જાય અને જે આપની મોહબ્બતને છોડે એને પછી નારે અઝાબથી કોઈ બચાવી શકે નહીં. આ તરહ એ કાફિરોની સફમાં ઊભો થઈ જાય અને હલાક થઈ જાય.

(બકીયાહ પેજ નં. ૧૩પર)

**ઈલ્મ તલબ કરવાથી જેહાલત દૂર થાય છે,**

(પેજ નં. ૧૨ નું બાકી)

**આયત ૪૦ : અય બની ઇસરાઇલ ! તમેં યાદ કરો મારી નેઅમત ને કે જેને મૈં તમને બખ્શેલી છે અને જે વચન-વાઅદો તમેં મને આપેલો છે તેને બરાબર પૂરો કરો, વફા કરો. જે મુજબ મૈં મારા વાઅદાને તમારા વાસ્તે પૂરો કરીશ. અને તમારા ઉપર લાઝિમ છે કે, તમેં મારાથી ડરતા રહો.**

આ આયતે કરીમહથી ખિતાબ તે લોગો તરફ છે કે, જે રસૂલુલ્લાહ બાવાજીના ઝમાનામાં બનૂ ઈસરાઈલની તરફ નિસ્બત રાખતા હતા, તેમના નઝરીયાતથી વાબિસ્તા હતા અને તેમના અખ્લાકથી તઅલ્લુક રાખતા હતા. હર ઝમાનમાં બનૂ ઈસરાઈલ જેવી કૌમો હોય જ છે અને તેમના નઝદીક મૌ.મૂસા કલીમુલ્લાહ જેવા નબી યા એમના નાઈબ હોય જ છે. આ કૌમોની હિદાયત અને રાહનુમાઈ વાસ્તે કુરઆને હકીમ જેવી કિતાબે હક્ક પણ મૌજૂદ હોય છે. અલ્લાહતઆલા તેના નબી અને તેની કિતાબના ઝરીએ હર ઝમાનમાં હક્કનો મોઅજિઝો ઝાહિર કરે જ છે. **હક્ક હમેશા હમેશા બાકી રહે જ છે, તે હમેશા રહેશે જ અને આખિરમાં હક્કવાલા જ ફતેહયાબ અને ઝફરયાબ થાશે.** તેઓના કદમને જીત ચુમશે અને તેઓના હાથોમાં હક્કનું પરચમ લહેરાશે.

દુનિયામાં એવા લોગો કમ નથી કે, જે ઈખ્લાસ અને પાકદિલીથી પોતાના ઈમામે હક્કને અહદ-મીસાક આપે છે. તેઓ જેમ ઈમામના હાથ પર અલ્લાહના હાથને પોતાના હાથમાં લે છે અને દીનો મઝહબ પર ચાલવાનું વચન આપે છે, તે જ મુજબ અલ્લાહતઆલા તેના જવાબમાં આ પાકા વચનના એવઝમાં અજરો સવાબનું અને હમેશાની નેઅમતો અતા કરવાનું વચન આપે છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, "આવા સાચા લોગો ખૂબ ચુનંદા હોય છે અને આ જહાનના અકસર લોગોને હમેં જોયા કે, તેઓ અહદો પૈમાન અને વાઅદઓ મીસાકની પાબંદી નથી રાખતા અને **તેઓમાંથી ઘણા તો ફાસિક છે, જૂઠા અને બદકાર છે.**"

અય મુમેનીન ! જોવ તમેં, આજે ઈસ્લામના અણગિનત ફિરકાઓમાં તમારા સિવાય કોઈ એવો ફિરકો (જમાઅત) નઝર નથી આવતો કે, જેમાં બુનિયાદી અકીદાના હિસ્સા-રૂએ અલ્લાહ, તેના રસૂલ અને આ બેવેના અમર-મકામના સાહેબ કે, જે ઈમામ યા નાઈબે ઈમામની સૂરતમાં હોય, આ ત્રણેની ઈતાઅત-ઈમાન વાસ્તે અહદો મીસાક લેવામાં આવતો હોય ! અહદની મઝબૂત-સાબિત રસમ તો ફક્ત ને ફક્ત તમારા યહાઁ જ છે. તો પછી, તમેં અલ્લાહતઆલાને જે અહદ-મીસાક આપો છે તેને તમેં બરાબર અદા કરો. તમારા તરફથી આ અહદને વફાદાર બનો અને અલ્લાહ તરફથી તેના વાઅદાની કમાલીયત અને તમામીયતને હાસિલ કરવાની ઉમ્મીદે ખૈર રાખો.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "**ઔફૂ બેઅહદી ઊફે બેઅહદેકુમ**", યાઅની કે, તમેં મારા અહદ-વચનને વફા કરો પૂરો કરો, તો હું તમારા અહદને પૂરો કરીશ. તમારો અહદ અલ્લાહના નઝદીક તે છે કે, જેનું કિતાબુલ્લાહમાં તફસીલથી બયાન છે. અલ્લાહતઆલાએ મુમેનીનના જાનોને અને માલોને ખરીદી લીધા છે, જન્નતના બદલામાં. આ મુમેનીન રાહે ખુદામાં લડે છે, પછી મારે છે અને મરે છે. તૌરાત, ઈન્જીલ અને કુરઆનમાં અલ્લાહનો વાઅદો હક્ક છે અને તેના કરતા કૌન ઝિયાદહ અહદને વફા કરનાર હશે.

અય મુમેનીન ! તો તમેં અલ્લાહના ઔલિયા-સાહેબે હક્કને જે ઈમાનો મવદ્દતનો અહદ આપો છે તેને તેના હક્ક મુજબ અદા કરો, વફા કરો, નિભાવો અને પાબંદ રહો. **આ મવદ્દતે વલીયુલ્લાહ તમારા પર હર હાલમાં હર વક્તમાં ફરઝ છે.** તમારા અહદની અદાયેગીથી અલ્લાહ પણ તેના અહદને વફા કરશે. આ અહદને વફા કરવાનો વાઅદો તો જન્નત છે. આ જન્નત કે જે વફાએ અહદનો નતીજા છે, તે ઝમીનો આસ્માનની કુશાદગી કરતા ઔર ઝિયાદહ કુશાદહ છે. લંબાણ અને ચૌરાનમાં વધીને છે. આ જન્નત મુત્તકીન લોગો વાસ્તે તૈયાર કરવામાં આવી છે. ✯

**ઝમીન પર બેસવાથી તબીઅતમાં ઠંડક દાખિલ થાય છે.**

## લફ્ઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧) નબી અલ્લાહ તરફથી હિદાયત લઈને તો તમામ લોગો વાસ્તે પધારે છે, મગર તેમાંથી ------ જ તેના ઉપર ચાલે છે. (૨)

૨) એ સાહેબ કે જે મૌ.અલીયુલ મુરતઝા (અ.સ.) ના ભાઇ થાય અન મૌ.મુસ્લિમ ના બાવાજી સાહેબ થાય.(૩)

૩) રસૂલુલ્લાહ બાવાજીએ ફરમાવું કે, અય અલી ! આપની મંઝેલતમારા નઝદીક તે જ મુજબ છે કે, જે મુજબ મૌ. -------- ની મૌ.મૂસા કલીમુલ્લાહના નઝદીક હતી. (૩)

૭) તમામ, કુલ (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ╳ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✵ આડી તરકીબ :**

૨) બકરા ઈદ, ઈદે કુરબાનીને ઈદુલ ------ પણ કહે છે કે, જે નામ મૌ. મૂસા કલીમુલ્લાહ વાસ્તે અલ્લાહની તજલ્લી સાથે જોડાયેલું છે.(૩)

૪) આખેરતની ઝિંદગી ------ છે અને દુનિયાની ઝિંદગી ફાની છે. (૨)

૫) જમાલ, હુસ્ન, ખૂબસૂરતી. (૨)

૬) જન્નતમાં ૪ નહેરો વહે છે. મધ, ------ (દૂધ), શરબત અને પાની. (૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | મી | | |
| | અ | મ | લ | |
| વ | લી | ╳ | ફ | ના |
| | ફ | ર | ઝ | |
| | | બ | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર ઝુલ કાઅદતિલ હરામ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફ્ઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✯

---

(પેજ નં. ૭ નું બાકી)

તરફ કે જે ઝમીનના છેડાઓ પરથી, હર એક ગોશાઓ માંથી, મુખ્તલિફ મુલ્કો માંથી, **દુનિયા-કારોબાર છોડીને, પરૈશાન-હાલ થઇને, ગુબાર-આલૂદ બનીને** મારા પાસે તલબે રહમત અને ઉમ્મીદે મગફેરત વાસ્તે આવેલા છે."

"અય મારા મલાઈકત ! ભલા તમેં જાણો છો કે, તેઓના દિલોમાં કઇ-કઇ ઉમ્મીદો છે ? તેઓ શું માંગવા યહાઁ પર પૈશ થયા છે ?" ફરિશ્તાઓ જવાબ આપશે કે, "અય મારા પરવરદિગાર ! આ તમામ લોગો પાકો સાફ થાવા, ગુનાહોંને મંજાવવા અને હમારા જેવી સિફતના થાવા આવેલા છે." પછી અલ્લાહતઆલા કહેશે કે, "મૈં તમને આ વાત ઉપર શાહિદ રાખું છું કે, મૈં તે સઘલાને મુઆફ કરી દીધા. મગફેરતના ઈન્આમથી નવાઝી દીધા." "તો, અય લોગો ! હવે તમેં એ હાલતમાં આ જગા પરથી તમારા વતન તરફ વલો, અહલો અયાલમાં મિલો કે, **તમારા તમામ ગુનાહો મુઆફ થઇ ચુકા હોય.**" ✯

**વુઝૂ દરમિયાન આઁખોમાં પાની છિડકવાથી તેમાં શિફા મિલે છે.**

## મુમિનની ખસલતો

મૌ.અસ્બગ બિન નબાતહ (રિ.અ.) ફરમાવે છે કે, "એક દિન હું મારા આકા, મારા મૌલા અલી મુશ્કિલકુશા (અ.સ.) ની હઝરતે અલવીયહમાં બેસેલો હતો. આપે મુમેનીન-મુખ્લેસીનની સિફતો સનાવાલી કુરઆને કરીમની એક આયતે શરીફહ પઢીને સંભલાવી. તે બાદ આપે મને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઝબાને મુબારકથી મુમેનીનની તે ૨૦ ખસલતો-ખાસીયતો બયાન કીધી કે, જેથી મને મારા ઈમાન પર ફખર થયો અને મને મારા મુમિન હોવા પર નાઝ થયો.

આપ મૌલાએ ફરમાવું કે, મારા મૌલા રસૂલુલ્લાહ બાવાજીને સવાલ થયો કે, મુમિનની કઈ કઈ સિફતો છે ? આપે પહેલા આપનું સર નીચું કીધું અને તે બાદ ઊંચું કીધું અને જવાબ આપો કે, મુમિનમાં કુલ ૨૦ ખસલતો છે. જહાઁ તક કોઈ આ ખસલતો પર ના ચાલે, તેને ના અપનાવે એનું ઈમાન મુકમ્મલ થાતું નથી. એને ખુદને મુમિન કહેવાનો કોઈ હક્ક બનતો નથી.

**૨૦ ખસલતો આ છે :**

(૧) નમાઝોમાં વક્ત સર હાઝિર થાનાર.
(૨) ઝકાતને તેની ગિન્તી-હિસાબ મુજબ અદા કરવા વાસ્તે તદબીર કરનાર.
(૩) હજ્જે બયતુલ્લાહ અદા કરનાર.
(૪) શહરૂલ્લાહમાં રોઝા રાખનાર.
(૫) મિસ્કીન-હાજિતમંદોને જમણ જમાડનાર.
(૬) યતીમના સર પર શફકતનો હાથ ફિરાવનાર.
(૭) યૌમુલ જોમોઅહ નખને કાપનાર.
(૮) હર ચીઝમાં દરમિયાની રાહ લેનાર, મોઅતદલ-શેઆરી કરનાર.
(૯) પોતાના કલામમાં ઝર્રા બરાબર પણ જૂઠનો સહારો ના લેનાર.
(૧૦) જે વક્ત કોઈને વાઅદો કરે તો તેને ખિલાફ ના થાનાર.
(૧૧) કોઈના તરફથી કોઈ અમાનત સોંપવામાં આવી હોય તો તે માં ખયાનત ના કરનાર.
(૧૨) હિકમતથી મુકાલેબો કરનાર.
(૧૩) રાતમાં ઉઠીને નમાઝ પઢનાર.
(૧૪) દિનમાં રોઝૂં રાખનાર.
(૧૫) દિનમાં હલાલ રોઝી તરફ ઈરાદો રાખનાર.
(૧૬) હર ચીઝ હાઝિર હોય તો પણ ઝોહદનો ઈઝહાર કરનાર.
(૧૭) પડોશીને કોઈ પણ તરહની ઈઝા ન પહોંચાડનાર.
(૧૮) કોઈ પણ મઝહબના લોગો સાથે રવાઁદારી અને મોહબ્બત થી પૈશ થાનાર.
(૧૯) ઝમીન ઉપર આહિસ્તાથી, ઝુકીને અને કદમને લગાવીને ચાલનાર.
(૨૦) કોઈનો જનાઝો જોઈ તો તેનાથી ઈબ્રત લેનાર. ☆

## તિજારત


યા અલી મદદ
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ☆

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**
**" ઝૈબાઈશ "**
બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.
**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ☆


**તૌબા કરવી, તે ગુનાહ કરવાને મિટાવી દે છે.**

**હલાલ રોઝી વ્યાજની નાપાકીને દૂર કરે છે.**

**ઔલાદ, સખ્ત-દિલીને દૂર કરે છે.**

**શુક્ર કરવાથી અલ્લાહના અઝાબના દરવાઝા બંધ થાય છે.**

## મકસદ

ખુદાતઆલાએ ઈમાનને લોગો પર શિર્કની મેલાશ થી પાક થાવા ફરઝ કીધું છે. તેમ, નમાઝને તકબ્બુરી અને બડાશથી ચોખું કરવા, ઝકાતને રોઝીની કુશાદગીનો સબબ બનાવવા, રોઝાને મખ્લૂકના ઈખ્લાસની આઝમાઈશ વાસ્તે, હજ્જને દીનની મઝબૂતી વાસ્તે, જેહાદને ઈસ્લામની ઈઝઝત વાસ્તે, માઅરૂફના હુકમને આમ લોગોની મસલેહત અને ખૈર વાસ્તે, મુન્કરની રોકથામને બુરા લોગોને મીટાવવા વાસ્તે, રિશ્તેદારની મુલાકાતને ઝિંદગીને લંબી કરવા, કિસાસ-બદલો લેવાને ખૂँરેઝીથી બચાવવા, શરીઅત મુજબ સઝા આપવાને હરામકારીની રોક વાસ્તે, શરાબ પીવાને હરામ કરવું અક્લ-સમઝની હિફાઝત વાસ્તે, ચોરીની રોક લગાવવાને પરહેઝગારીને વાજિબ કરવા વાસ્તે, ઝિનાને હરામ કરવું નસલ-નસબની પાકીઝગી બખશવા, લવાતતને રોકવું (મરદ-મરદ અને બૈરો-બૈરો સાથે બદકારી કરે) નસલને વધારવા, આપસમાં શહાદત આપવું એકબીજાના મુઆમેલાત અને વાતચીતમાં એતેમાદ વધારવા, જૂઠ ને મુકવું સચ્ચાઈને શરાફત આપવા, ઈસ્લામને અમાન બનાવું ખૌફને મીટાવવા, ઈમામતના દરજાને કાઈમ રાખવું ઉમ્મતમાં નિઝામ બરાબર કરવા અને સાહબે હક્કની તાઅતને ફરઝ કીધી ઈમામતની અઝમત બરકરાર રાખવા. ✫

**અહલુલ બૈત (અ.સ.) ની મોહબ્બત, કબરની ઝુલમત-અંધારાને દૂર કરે છે.**

**મૌતની ઝિક્ર, દુનિયાદારી અને દૌલતમંદીની લાલચને દૂર કરે છે.**

## પૈગામે મસર્રત

**કારેઈન સાલેહીન ને ઝુલ હિજ્જતિલ હરામ મહીનાની બે ઈદો – ઈદુઝ્ઝબીહત (૧૦મી તારીખ) અને ઈદુલ વલાયત (૧૮મી તારીખ) ની ઈબાદત, નેઅમત અને સઆદતની ખુશી-ખુર્રમી મુબારક થાય. ઝબીહત અને વલાયત તે મીસાકનો અહમ હિસ્સો છે. આ ઈદની મસર્રત તે છે કે, જેમાં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની દરજએ વસાયત પર કાઈમ-મકામી અને તાજપોશી હમારા દીન અને ઈમાનની બલંદીનો સબબ બનેલી છે.** ✫

**યકીન સાથે અમલે ખૈર કરવો, નાઉમ્મીદીને દૂર કરે છે.**

**ગૈર-ઝરૂરી બહેસ અને કીલોકાલ યકીનને દૂર કરે છે.**

**સદકો કરવો, તે મૌતની કડવાશને દૂર કરે છે.**

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** શૈખ ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✫

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**

**₹ ૧૦૦/-**

શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.

મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**

નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,

વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.